### વિદ્યાર્થીઓને રાહત

# દસમા અને બારમાની બોર્ડની પરીક્ષા દરમ્યાન બેસ્ટ દોડાવશે વધારાની બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બારમા અને દસમા ધોરણની બોર્ડની પરીક્ષા હવે શરૂ થવાની છે, ત્યારે બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા આ સમયગાળા દરમ્યાન વધારાની બસ દોડાવવામાં આવવાની છે. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ હાઈયર સેકેન્ડરી સર્ટિફિકેટ (એસએસસી)ની બોર્ડની પરીક્ષા ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૧૧ માર્ચ, ૨૦૨૬ સુધી થવાની છે. તો સેકેન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ (એસ.એસ.સી)ની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી, ૨૦૨૬થી ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી યોજવાની છે. બોર્ડની પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને બસના આગળના દરવાજાથી બસમાં પ્રવેશ કરવાની મંજૂરી રહેશે. ■



# પોર્ટફોલિયો જ્યારે મેનેજ કરવો સરળ હોય ત્યારે શા માટે લાંબા ગાળાનું રોકાણ શ્રેષ્ઠ રહે છે

જયેશ સુંદર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

શરૂઆતના વર્ષોમાં રોકાણ કરવું સામાન્ય રીતે હેતુપૂર્ણ લાગે છે. લક્ષ્યો સ્પષ્ટ હોય છે, પોર્ટફોલિયો સરળ હોય છે અને પ્રગતિ પર નજર રાખવી સંતોષજનક લાગે છે. સમય પસાર થતાં પોર્ટફોલિયો વધુ સ્તરો ધરાવતો બને છે. નવા ફંડ્સ ઉમેરવામાં આવે છે, જેથી નવી તક મળી શકે, જોખમ વહેંચી શકાય અથવા બજારની બદલાતી પરિસ્થિતિને અનુરૂપ ફેરફાર થઈ શકે. જે વસ્તુ પહેલા સરળ લાગતી હતી, તે હવે સમજવી અને સંભાળવી મુશ્કેલ બનતી જાય છે. રિવ્યૂ કરવામાં વધુ સમય લાગે છે. નિર્ણય લેવો સહેલો રહેતો નથી. પ્રશ્ન ''હું ક્યાં રોકાણ કરું?'' માંથી બદલીને ''હવે શું બદલવું?'' થઈ જાય છે.આ તબક્કે રોકાણ માત્ર બજાર અથવા રિટર્ન્સ વિશે નથી રહેતું. તે લાંબા સમય સુધી વધતી જતી જટિલતાને સંભાળવાની બાબત બની જાય છે.

**▸ પોર્ટફોલિયો બનાવવાનો થાક**

આ જટિલતા ધીમે ધીમે વધતી જાય છે, પોર્ટફોલિયો થાક એટલે અનેક ફંડ્સ સંભાળવાની, અલગ અલગ સમયગાળામાં પરફોર્મન્સ ટ્રેક કરવાની અને દર વર્ષે વારંવાર એલોકેશનના નિર્ણય લેવાની થાકદાયક સ્થિતિ.પોર્ટફોલિયો થાકને ઓળખવો મુશ્કેલ છે, કારણ કે તે શાંતિથી વિકસે છે. સામાન્ય રીતે એવો એક ચોક્કસ ક્ષણ નથી આવતો કે રોકાણકાર અચાનક રસ ગુમાવે. પરંતુ તેની અસર મહત્ત્વની બની શકે છે.

**▸ હાઈબ્રિડ ફંડ્સ કેવી રીતે પોર્ટફોલિયો થાક ઘટાડે છે**

હાઈબ્રિડ ફંડ્સ એક જ ફ્રેમવર્કમાં ઇક્વિટી અને ડેટ બંનેમાં રોકાણ કરે છે. તેમનો ફાયદો માત્ર મિશ્રણમાં નથી, પરંતુ એમાં છે કે આ મિશ્રણ રોકાણકારને ઓછા નિર્ણય લેવા દે છે. હાઈબ્રિડ ફંડ્સમાં ઇક્વિટી અને ડેટનું સંતુલન પહેલેથી નક્કી હોય છે. તેથી અલગ અલગ બજાર તબક્કામાં રોકાણકારને અલગ ફંડ્સ વચ્ચે એલોકેશન સંભાળવાની જરૂર ઓછી પડે છે. રોકાણકારને ક્યારે અને શું કરવું તે અંગે વારંવાર વિચારવું પડતું નથી. ડેટ ભાગ બજારના ઉતાર-ચઢાવને થોડી હદ સુધી સંતુલિત કરે છે. રિટર્ન્સ બદલાય છે, પરંતુ રોકાણનો સફર સામાન્ય રીતે વધુ સરળ લાગે છે, જેના કારણે રોકાણકારો બજારમાં રહેવાનું ચાલુ રાખે છે.

**▸ કોને થાક ઘટાડતા પોર્ટફોલિયાનો સૌથી વધુ ફાયદો થાય છે**

હાઈબ્રિડ ફંડ્સ ખાસ કરીને એવા રોકાણકારો માટે યોગ્ય છે, જેઓ વ્યસ્ત વ્યાવસાયિક જીવન સાથે પોતાનો પોર્ટફોલિયો સંભાળે છે. જેમને સક્રિય મોનિટરિંગ માટે સમય કે રસ ઓછો હોય, તેમના માટે પણ આ ફંડ્સ અનુકૂળ છે. લાંબા ગાળાના, લક્ષ્ય આધારિત રોકાણકારો, જેઓ વારંવાર ફેરફાર કરતાં સ્થિરતા પસંદ કરે છે, તેમને હાઈબ્રિડ ફંડ્સ તેમની જરૂરિયાતો મુજબ વધુ સારા ફિટ થાય છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# થાણે પાલિકાએ વસૂલ્યો ૫૬૫ કરોડનો પ્રોપર્ટી ટેક્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે પાલિકાએ ચાલુ નાણાકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્સ માટે રાખેલા તેના ૮૪૧ કરોડ રૂપિયાના લક્ષ્યાંકને સાધવામાં નિષ્ફળ ગઈ છે. આર્થિક વર્ષ ૨૦૨૫-૨૬ વષમાં પાલિકા માત્ર ૫૫૬.૧૯ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરી શકી છે, જે તેના લક્ષ્યાંક કરતા ૨૦૦ કરોડ રૂપિયાથી ઓછો છે. પ્રોપર્ટી ટેક્સનો લક્ષ્યાંક પાર કરવામાં નિષ્ફળ જવાને કારણે થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ નહીં ચૂકવનારા સામે આકરા પગલા લેવાનો નિદેર્શ આપ્યો છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ થાણેના માજિવાડા-માનપાડા વિસ્તારમાંથી સૌથી વધુ પ્રોપર્ટી ટેક્સ ૧૭૫.૦૧ કરોડ વસૂલ કરવામાં સફળતા મળી છે. એ બાત વર્તક નગરમાંથી ૮૮.૭૭ કરોડ અને નૌપાડા-કોપરીમાંથી ૭૪.૧૨ કરોડનો ટેક્સ વસૂલ કરવામાં આવ્યો છે. ચાલુ અઠવાડિયામાં થાણે પાલિકા કમિશનરે ટેક્સ વસૂલીને બાબતે અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી, જેમાં રેસિડેન્શિયલ ડિફોલ્ટરો ટેક્સ ચૂકવે નહીં તો તેમનો પાણી પુરવઠો બંધ કરવાનો અને બિન-રહેણાંક મિલકત માટે તેમની મિલકતની જપ્તિથી લઈને મિલકત સીલ કરવા જેવા આકરા પગલા લેવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# વિવાદ અર્થહીન છે...: ફડણવીસ

મુંબઈઃ અજિત પવારના અકાળે અવસાનના ચાર દિવસ બાદ સુનેત્રા પવારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહ આટલો ઉતાવળમાં કેમ કરવામાં આવ્યો? આ અંગે પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. આ અંગે બોલતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, સુનેત્રા પવારના શપથ ગ્રહણ સમારોહ અંગે જે વિવાદ થઈ રહ્યો છે તે ખૂબ જ અર્થહીન છે. ખૂબ જ ખોટી રીતે આ વાદ-વિવાદ થઈ રહ્યો છે. દરેક વ્યક્તિ પોતાનું રાજકારણ આમાં કેવી રીતે કરી શકાય, બસ એ જ પ્રયત્ન કરી રહી છે. આ પ્રકારનું નિમ્ન સ્તરનું રાજકારણ બંધ થવું જોઈએ,' એમ ફડણવીસે કહ્યું હતું. ■









